આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૨૬ | ૧૫ જુલાઇ ૨૦૧૨, રવિવાર, અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

આપણે આપણી જાતને જેટલું છેતરીએ છીએ એટલું બીજું કોઇ છેતરતું નથી

- ગ્રેનેવિલ




## સે. ૬-૧૪માં હવે ખાણી-પીણીની લારીઓ બંધ કરાવવા માટે તંત્ર મક્કમ

### આજે પણ વધુ ૮ કેસ મળ્યા જે પૈકી ૬ ને સિવિલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરનાં સે. ૬ અને ૧૪માં વધતા જતા રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે આરોગ્ય તંત્રએ વધુ કડક હાથે કામગીરી કરવાનો નિર્ણય કર્યો છે અને આ બન્ને સેક્ટરોમાં ચાલતી ખાણીપીણીની લારીઓ બંધ કરાવવામાં આવશે. આ નિર્ણયનું અમલીકરણ આજથી શરૂ થશે.

શહેરના સે. ૬ અને ૧૪માં ઝાડા-ઉલ્ટીના આજે વધુ ૮ જેટલા નવા કેસ મળી આવ્યા છે. આ પૈકી છ દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈનડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવ્યા છે.

આ બન્ને સેક્ટરોમાં અત્યાર સુધીમાં ૬૦ જેટલા ઝાડા-ઉલ્ટીના કેસો મળી આવ્યા છે. હવે આ પગલે તંત્રએ વધુ કડક હાથે કામ લેવાનો નિર્ણય કર્યો છે અને તેના ભાગરૂપે આ સેક્ટરોમાં ખાણી-પીણીની લારીઓ બંધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા અસરગ્રસ્તોના સ્કૂલના પરીક્ષણ પણ કરાવ્યા છે પણ તે સાદા ઝાડાના કેસો જ માલુમ પડ્યા છે. પ્રદૂષિત પાણીને કારણે આ પાણીજન્ય રોગચાળો થયો હોવાનું પ્રાથમિક તારણ હતુ. આ પછી પાટનગર યોજના તંત્રને પણ સુપર ક્લોરીનેશન માટેના આદેશો જારી કરાયા હતા.

પાણીના નમુનાઓની તપાસણી દરમ્યાન ક્લોરીનેશન ટેસ્ટ પોઝીટીવ આવ્યા બાદ હવે પાણીના નમુના બેક્ટોરોલોજીકલ અને કેમીકલ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર







